સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૫૯ |
| અમદાવાદ | ૧૫૭ |
| ગાંધીનગર | ૩૭ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૨ ૩૧ જુલાઈ, ૨૦૨૦, શુક્રવાર; શ્રાવણ સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના બેકાબૂ : નવા ૫૨ હજાર કેસો

**૨૪ કલાકમાં ૭૭૫ના મોત : કોરોનાનો કુલ મૃત્યુઆંક ૩૫ હજારને પાર : ૩૨,૮૮૬ લોકો સાજા થયા : ભારતમાં ૧૦ લાખથી વધુ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી**



ન્યુ દિલ્હી,તા.૩૦

સમગ્ર દેશમાં અનલોક-૨ના ૨૯મા દિવસે એટલે કે બુધવારના ૨૪ કલાકમાં અધધ..૫૦ હજાર કરતાં વધારે કોરોનાના કેસો સામે આવતાં કેસોના અત્યારસુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા હતા. આજે ગુરૂવારે સવારે છેલેલાં ૨૪ કલાકના કેસોના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે રેકોર્ડબ્રેક ૫૨,૨૬૩ કેસો સામે આવ્યાં હતા.કેસોનો આંકડો ૧૬ લાખની નજીક ૧૫,૮૪,૬૦૦ પર પહોંચી ગયો હતો. આ જ સમયગાળામાં જો કે ૩૨,૮૮૬ દર્દીઓ સાજા પણ થયા હતા અને તે સાથે સાજા થનારા લોકોનો આંકડો ૧૦ લાખને પાર થએને ૧૦,૨૧,૬૬૮ પર પહોચ્યો હતો. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૭૭૫ના મોત પણ થયા હતા. અને તે સાતે મૃત્યુઆંક વધીને ૩૫ હજારની ઉપર પહોંચી ગયો હતો. નવાઈ લાગે તેમ હવે મહારાષ્ટ્રના સ્થાને આંધ્રપ્રદેશમાં ૧૦ હજાર કરતાં વધુ કેસો બહાર આવ્યાં હતા.

● અનુસંધાન પાન-૭ પર

## મણિપુરમાં ઉગ્રવાદીઓના હુમલામાં ત્રણ જવાન શહીદ

**આર્મીની ટીમ પર થયેલા હુમલામાં છ જવાન ઘાયલ : મણિપુરના સ્થાનિક ઉગ્રવાદી સમૂહ પીપલ્સ લિબરેશન આર્મીએ આ હુમલો, ઉગ્રવાદીઓને લઇને સર્ચ ઓપરેશન**

ઈમ્ફાલ, તા.૩૦

મણિપુરમાં આર્મીની એક ટીમ પર ઘાતક હુમલો કરવામાં આવ્યો છે જેમાં ૩ જવાન શહીદ થઈ ગયા છે અને ૬ની હાલત ગંભીર હોવાના અહેવાલ છે. મ્યાનમારની સરહદની પસો ચંદેલમાં સ્થાનિક સમૂહ પીપલ્સ લિબરેશન આર્મીના આતંકવાદીઓએ ઘાત લગાવીને કરેલા હુમલામાં ૪ આસામ રાઈફલ્સ યૂનિટના ત્રણ જવાન શહીદ થયા છે અને ચાર ઘાયલ થયા છે. આતંકવાદીઓએ પહેલા આઈઈડી બ્લાસ્ટ કર્યો અને પછી સૈનિકો પર ફાયરિંગ કર્યું. ઈમ્ફાલથી ૧૦૦ કિલોમીટર દૂર આ ક્ષેત્રમાં રિઈન્ફોર્સમેન્ટ મોકલવામાં આવી છે. નોંધનીય છે કે, ગયા વર્ષે ચંદેલ જિલ્લામાં જ આસામ રાઈફલ્સના કેમ્પ પર ઉગ્રવાદીઓએ હુમલો કર્યો હતો. ઉગ્રવાદીઓએ સૈન્ય કેમ્પમાં બોમ્બ ફેંક્યા હતા. ત્યારબાદ બંને તરફથી ફાયરિંગ થયું હતું. ત્યારબાદ ઉગ્રવાદી નજીકની પહાડીમાં ભાગી ગયા હતા. આ હુમલામાં આર્મીના કોઈ જવાન હતાહત નહોતા થયા. જવાનો પર ઉગ્રવાદીઓએ અચાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં ૬ જવાન ઘાયલ થયા છે. ઈજાગ્રસ્ત જવાનોને ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાની સેનાની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાં છે. સૂત્રોના જણાવ્યાં અનુસાર મણિપુરના સ્થાનિક ઉગ્રવાદી સમૂહ પીપૂલ્સ લિબરેશન આર્મીએ આ હુમલો કર્યો છે. સેના તરફથી હાલમાં સર્ચ ઓપરેશન ચલાવાઈ રહ્યું છે.



## રશિયા, ૧૨ ઓગસ્ટે કોરોના વેક્સિન રજિસ્ટર્ડ કરાવશે

**કોરોના રોગચાળોએ સમગ્ર વિશ્વમાં લાખો લોકોને માર્યા ગયા છે : વિશ્વના તમામ દેશો આ રોગથી બચવા માટે રસીની શોધમાં લાગ્યા, લોકોની નજર હવે વૈજ્ઞાનિકો ઉપર છે : તમામ દેશોમાં કોરોનાને કારણે ભારે આતંક**

મોસ્કો, તા.૩૦

કોરોના મહામારીના કારમે સમગ્ર વિશ્વમાં લાખો લોકોને માર્યા ગયા છે અને આર્થિક પ્રવૃત્તિઓ સાવ બંધ જેવી થઈ ગઈ છે. વિશ્વના સુપર પાવર અમેરિકા જેવા દેશથી લઈને પ્રગતિશિલ ભારત સહિતના તમામ દેશોમાં આ જીવલેણ બીમારીએ હોબાળો મચાવ્યો છે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર રશિયા ૧૦-૧૨ ઓગસ્ટ સુધીમાં કોરોના વેક્સીનને રજિસ્ટર્ડ કરાવવાની યોજના બનાવી રહ્યું છે. રશિયન નિષ્ણાંતો તેને દુનિયામાં કોરોનાની પહેલી રસી હોવાનું દાવો કરી રહ્યા છે. રશિય ઉપરાંત અમેરિકા, બ્રિટેન, અને ભરાત સહિત અનેક દેશ કોરોના વાયરસની રસી બનાવવાના પ્રયાસમાં છે. વિશ્વના તમામ દેશો આ રોગથી બચવા માટે રસીની શોધમાં રોકાયેલા છે. લોકોની નજર હવે વૈજ્ઞાનિકો પર છે. દરમિયાન, રશિયાએ ટૂંક સમયમાં રસી અંગે કેટલાક મોટા સમાચાર આપવાનું વચન આપ્યું છે. રશિયન સરકારી તંત્ર ઘણા લાંબા સમયથી કોરોના મહામારીને નાથવા માટે રસી બનાવવામાં લાગ્યુ છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને બ્રિટન જેવા દેશોએ પણ રશિયા પર રસીનો ડેટા ચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો. પરંતુ આ બધી બાબતોને પાછળ રાખીને હવે રશિયાએ રસી નોંધણી માટેની તૈયારી શરૂ કરી દીધી છે. રશિયન નિષ્ણાતો તેને વિશ્વની પ્રથમ કોવિડ -૧૯ રસી ગણાવી રહ્યા છે. આ મામલે જાણકારી ધરાવતા વ્યક્તિએ નામ ન જણાવવાની શરતે કહ્યું કે મોસ્કોની ગામેલ્યા ઈન્સ્ટિટ્યુટે આ રસી બનાવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રસી એકવાર રજિસ્ટર્ડ થઈ જાય પછી ૩-૭

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૭૩૦૦૯૩૩ | ૬૭૨૩૬૮ | ૧૩૧૦૩૪૨૧ |
| ભારત | ૧૬૩૨૪૨૨ | ૩૫૭૧૨ | ૧૦૫૩૪૭૮ |
| ગુજરાત | ૬૦૨૮૫ | ૨૪૧૮ | ૪૪૦૭૪ |
| ગાંધીનગર | ૧૫૫૯ | ૮૯ | ૧૦૬૩ |

## અનિલ અંબાણી ગ્રુપના હેડક્વોર્ટર પર બેંકનો કબજો

**૨૮૯૨ કરોડ રૂપિયાની લોન ન ચૂકવાતા બેંકે રિલાયન્સ સેન્ટર સહિત નાગિન મહેલના બે માળ પર કબજો કર્યો**

મુંબઈ, તા.૩૦

એક સમયે દુનિયાના છઠ્ઠા નંબરના સૌથી અમીર વ્યક્તિ રહેલા અનિલ અંબાણીને પોતાનું હેડક્વોર્ટર ગુમાવવું પડી રહ્યું છે. તેમના અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના મુંબઈ સ્થિત રિલાયન્સ સેન્ટરને યસ બેંકે પોતાના નિયંત્રણમાં લઈ લીધું છે. બેંકે ૨૧,૦૦૦ ચોરસ ફૂટની બિલ્ડીંગ અને સાઉથ મુંબઈમાં નાગિન મહેલના બે માળના પઝેશન માટે ન્યૂઝપેપરમાં જાહેરાત આપી હતી. અનિલ અંબાણી તરફથી ૨૮૯૨ કરોડ રૂપિયાની લોન ન ચૂકવાયા બાદ બેંકે આ કાર્યવાહી કરી છે. બિલ્ડીંગનું પઝેશન ૨૨ જુલાઈએ જીછઈહ્લઈજીં એક્ટ હેઠળ લેવાયું હતું. પબ્લિક નોટિસમાં યસ બેંકે જણાવ્યું છે કે, કંપની દેવું ચૂકવવામાં નિષ્ફળ રહેતા તેણે પૈસાની રિકવરી માટે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જીછઈહ્લઈજીં હેઠળ નોટિસ મોકલી હતી. તેણે પઝેશન નોટિસ પણ પાઠવી હતી. જણાવી દઈએ કે અનિલ અંબાણી ગ્રુપ પર યસ બેંકનું ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું છે. આ વર્ષે માર્ચમાં જ ઈડીની પૂછપરછમાં અનિલ અંબાણીએ કહ્યું હતું કે યસ બેંકથી તેમણે જે લોન લીધી છે, જે

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- ગુજરાત કેડરના આઈએએસ હાર્દિક શાહ પ્રધાનમંત્રીના અંગત સચિવ બન્યા.
- કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધીને મોડીસાંજે ગંગારામ હોસ્પિટલ ખાતે રૂટીન ટેસ્ટ માટે દાખલ કરાયા.
- સુરતના ધારાસભ્ય પુર્ણેશ મોદીના મોટાભાઈ દિપકભાઈ મોદીનું કોરોનાથી દુઃખદ નિધન
- પ્રિયંકા ગાંધી લોધી એક્સપ્રેસ સ્થિત સરકારી બંગલો ખાલી કર્યો
- અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી ટાળવા ટ્રમ્પે સંકેત આપ્યા
- સમતા પાર્ટીના અધ્યક્ષા જયા જેટલીને ભ્રષ્ટ્રાચાર મામલે ચાર વર્ષની સજા ફરમાવી જેની સામે હાઈકોર્ટે સાંજે મનાઈ હુકમ કર્યો.
- ક્રિકેટર હાર્દિક પંડ્યા પિતા બન્યો
- દિલ્હીમાં ૮ રૂપિયા ડીઝલ સસ્તુ થયું.
- બાહુબલી ફિલ્મના ડાયરેક્ટર રાજા મૌલી અને તેનો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો.
- ઈન્કમટેક્ષના રિટર્ન ભરવાની અંતિમ તારીખ હવે ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ.

## રામ જન્મભૂમિના પુજારી પ્રદીપ દાસ કોરોના પોઝિટિવ, ૧૬ પોલીસકર્મી પણ સંક્રમિત

**પાંચ ઓગસ્ટે વડાપ્રધાન મોદી રામ મંદિરનો શિલાન્યાસ કરશે**

ન્યુ દિલ્હી,તા.૩૦

અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના ભૂમિપૂજન કાર્યક્રમ પર કોરોના સંકટની શરૂઆત થઈ છે. રામ જન્મભૂમિ મંદિરના પૂજારી પ્રદીપદાસ કોરોના પોઝિટીવ આવ્યા છે. તેઓ મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસના શિષ્ય છે. આ સાથે રામ જન્મભૂમિના સંરક્ષણમાં રોકાયેલા ૧૬ પોલીસકર્મીઓને પણ કોરોના ચેપ લાગ્યો છે.

રામ જન્મભૂમિમાં મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ સાથે ચાર પૂજારી રામ લલાની સેવા કરે છે. આ ચાર પૂજારીઓમાંથી એક પૂજારી પ્રદીપ દાસનો કોરોના અહેવાલ સકારાત્મક આવ્યો છે. તેઓને હોમ ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. આ સાથે, રામ જન્મભૂમિની સુરક્ષામાં રોકાયેલા ૧૬ પોલીસકર્મીઓ પણ પોઝિટીવ હોવાથી ક્વોરંટિન કરાયા છે.

અયોધ્યામાં રામમંદિરના શિલાન્યાસ સમારોહમાં ભાજપ સિવાય અન્ય પક્ષના નેતાઓ તથા અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓને નિમંત્રણ નહીં મળતાં નવો વિવાદ ખડો થઈ ગયો છે. રામમંદિરનું નિર્માણ કરનારું શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર કેન્દ્ર સરકારનું ટ્રસ્ટ હોવાથી લોકસભા,

● અનુસંધાન પાન-૭ પર

## પશ્ચિમ બંગાળ કોંગ્રેસના અધ્યક્ષ મિત્રાનુ નિધન

કોલકાત્તા,તા.૩૦

પશ્ચિમ બંગાળ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સોમેન મિત્રાનુ મોડી રાત્રે નિધન થઈ ગયુ છે. છેલ્લા કેટલાક દિવસોથી તેમની તબિયત ખરાબ હતી. સોમેન મિત્રા કેટલીક બીમારીઓથી ગ્રસ્ત હતા અને તેમની કલકત્તાના એક પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર પણ ચાલી રહી હતી. જોકે હોસ્પિટલમાં સોમેન મિત્રાનુ ૭૮ વર્ષની ઉંમરમાં નિધન થઈ ગયુ.








